| એકમ 18 | # સંઘાત ગ્રંથ પ્રકાશનો |
|---|---|

**રૂપરેખા**


**18.0 ઉદ્દેશો**
**18.1 પ્રસ્તાવના**
**18.2 સંઘાત ગ્રંથ પ્રકાશનો**
**18.2.1 સંઘાત ગ્રંથ પ્રકાશનોના પ્રકારો**
**18.3 સંઘાત ગ્રંથોના ઉદાહરણો**
**18.4 સારાંશ**
**18.5 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો**
**18.6 સંદર્ભો અને વિશેષ વાંચન**


## 18.0 ઉદ્દેશો (OBJECTIVES)

આ એકમના અભ્યાસ પછી તમે નીચે મુજબની બાબતોમાં સક્ષમ બનશો :

- સંઘાત ગ્રંથો પ્રકાશનો અને એક ખંડીય એટલે કે સામાન્ય પ્રકાશનો વચ્ચેનો તફાવત પારખવામાં;
- સંઘાત ગ્રંથોના વિવિધ પ્રકારો બાબતમાં; અને
- સંઘાત ગ્રંથોના પ્રકાશનોનું સૂચિકરણ કરવામાં

## 18.1 પ્રસ્તાવના (INTRODUCTION)

અગાઉના એકમોમાં આપણે એવા ગ્રંથોનું સૂચિકરણ શીખ્યા કે જેમાં એક લેખક દ્વારા, એકથી વધુ લેખકો દ્વારા, ઉપનામધારી લેખકો દ્વારા, લેખકના હોય ત્યાં ગ્રંથના સંપાદકો દ્વારા, સમષ્ટિ કર્તાઓ દ્વારા કે અન્ય દ્વારા લખવામાં આવ્યા હોય કે સંપાદિત કરવામાં આવ્યા હોય. આ તમામ ગ્રંથો એક જ ખંડ (Volume)માં પ્રકાશિત થાય છે પરંતુ, એવા અનેક ગ્રંથો છે જેમાં લેખક કે કર્તાના વિચારોની અભિવ્યક્તિ એક જ ખંડ કે પુસ્તકમાં સમાવિષ્ટ ના થઇ શકે અને તેથી આવી પરિસ્થિતિમાં ગ્રંથને અનેક ખંડ કે ભાગમાં પ્રકાશિત કરવામાં આવે છે.

આ એકમમાં આપણે આવા બહુખંડીય ગ્રંથો કે સંગાથ ગ્રંથોના સૂચિકરણની સમજ મેળવીશું.

## 18.2 સંઘાત ગ્રંથ પ્રકાશનો (MULTI-VOLUME PUBLICATIONS)

સીસીસીના નિયમ ક્રમાંક FF31 મુજબ સંગાથ ગ્રંથની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે- "બે કે બેથી વધુ ખંડોની સતતરૂપે અભિવ્યક્તિ કરનાર ગ્રંથ જેનું આ કે અન્ય કોઈ કારણે ખંડોમાં સમાવિષ્ટ વિષયવસ્તુઓના વર્ણનનું વિતરણ એ રીતે કરવામાં આવેલ હોય કે જેથી એવું લાગે કે તે અવિભાજ્ય રૂપે એક જ સાથે ખંડોના સ્વરૂપે હોય આવી કૃતિને સંઘાત ગ્રંથ અથવા બહુખંડીય ગ્રંથ કહેવાય છે"

સંઘાત ગ્રંથોમાં લેખકના વિચારો, વિષય, આકાર-પ્રકાર, રચના વગેરેની એકતા અને નિરંતરતા સતત જોવા મળે છે. તથા તમામ ખંડોનું શીર્ષક એટલે કે આખ્યા એક સમાન હોય છે. એક સમાન આખ્યા ઉપરાંત વિવિધ ખંડોની પોતાની અલગ અલગ આખ્યાઓ પણ હોઈ શકે છે. અહી કહેવાનું તાત્પર્ય એ છે કે ગ્રંથોનો એક એવો સમૂહ કે સેટને સંઘાત કે બહુખંડીય ગ્રંથ કહેવામાં આવે છે જેમાં નીચે મુજબની વિશિષ્ટતા પણ હોય છે જેમકે-

(1) તમામનું એક સમાન શીર્ષક હોય છેઉપરાંત વિવિધ ખંડોનું પોતાનું અલગ અલગ શીર્ષક (આખ્યાઓ) પણ હોઈ શકે છે.

(2) આખા સેટની એક સામાન્ય અનુક્રમણિકા હોય;

(3) પાનાંઓની સંખ્યાનો ક્રમ તમામ ખંડોમાં સતત ચાલે છે એટલે કે ક્રમશ : ચાલે છે.

(4) વિવિધ ખંડોમાં વિષય સામગ્રી એ રીતે સંકલિત હોય છે જે પ્રત્યેક ખંડને અલગ ગ્રંથ સમજવામાં સહાયક નથી હોતી.

**18.2.1 સંઘાત ગ્રંથ પ્રકાશનોના પ્રકારો**

સીસીસીના નિયમ ક્રમાંક NCO અનુસાર સંઘાત ગ્રંથને બે પ્રકારમાં વિભાજીત કરવામાં આવેલ છે.

1. સરળ સંઘાત/બહુખંડીય ગ્રંથો (Simple Multi-volume Boosk)

2. જટિલ સંઘાત/ બહુખંડીય ગ્રંથો (Complex Multi-volume Books)

આમ છતાં, ઉપરોક્ત ત્રીજી વિશેષતા કોઈ સેટને સંઘાત ગ્રંથ હોવાનું સ્પષ્ટ કરે છે. આથી આગળ, સીસીસીમાં જણાવ્યા અનુસાર સંઘાત ગ્રંથોના બે પ્રકારો છે :

(૧) તમામ ગ્રંથોની એક સામાન્ય આખ્યા સિવાય કોઈ પણ ખંડની વિશિષ્ટ આખ્યા અથવા પોતાની આખ્યા હોતી નથી. તમામ ખંડોની એક સામાન્ય આખ્યા હોવાથી મુખ્ય સંલેખના આખ્યા વિભાગમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) સિવાયના તમામ સંઘાત ગ્રંથો બીજી શ્રેણીમાં આવે છે.

**1. સરળ સંઘાત/બહુખંડીય ગ્રંથો (Simple Multi-volume Books):**

સરળ સંઘાત કે બહુખંડીય ગ્રંથ એ એવા ગ્રંથ હોય છે જેના અલગ અલગ ખંડોનું પોતાનું અલગ અલગ શીર્ષક નથી હોતું પરંતુ તમામ ખંડોનું એક સામાન્ય શીર્ષક કે આખ્યા હોય છે. આ સિવાય વિવિધ ખંડોમાં કોઈ ભિન્નતા નથી હોતી.

સરળ સંઘાત ગ્રંથોનું સૂચિકરણ સીસીસીના નિયમ NG1 મુજબ સાધારણ ગ્રંથોની જેમજ કરવામાં આવે છે ફક્ત કેટલાક નીચે પ્રમાણેના વધારાના નિયમો લાગુ પડે છે.

**સંપૂર્ણ સેટ (Completed Set) માટે-**

જો ગ્રંથના તમામ સંભવિત ખંડ પ્રકાશિત થઇ ચુક્યા હોય તો મુખ્ય સંલેખના શીર્ષક કે આખ્યા વિભાગમાં શીર્ષક કે આખ્યા લખ્યા બાદ પૂર્ણવિરામના ચિહ્ન બાદ એક અક્ષરની જગ્યા છોડી પ્રકાશિત ખંડોની સંખ્યાની સાથે કેપિટલ V અથવા મુખપૃષ્ટની ભાષામાં તેના જેવું જ પદ લખવામાં આવે છે. ત્યારબાદ પૂર્ણવિરામનું ચિહ્ન મુકવામાં આવે છે.

દાત. એક ગ્રંથ છે કે જેનું શીર્ષક A Treatise on Chemistry છે. આ ગ્રંથના ચાર ખંડો છે જેના કર્તા J.J. Lister છે. આ ગ્રંથને નીચે મુજબ સૂચિકૃત કરી શકાય.

LISTER (J J).

Treatise on Chemistry. 4V.

**અપૂર્ણ પ્રકાશિત સેટ (Uncompleted Set) માટે-**

જો ગ્રંથના તમામ ખંડ હજુ સુધી પ્રકાશિત ના થયા હોય તો અથવા અલગ અલગ સમયે પ્રકાશિત થતા હોય આ સંજોગોમાં જ્યારે તે પ્રકાશિત થાય ત્યારે અલગ અલગ સમયે આ ખંડો મેળવવામાં આવતા હોય છે.સીસીસી નિયમ ક્રમાંક NC13 મુજબ ગ્રંથાલાયમાંના આવા સેટને અપૂર્ણ પ્રકાશિત સેટ તરીકે ઓળખવામાં આવે છે. સીસીસીના નિયમ NC131 મુજબ મુખ્ય સંલેખના શીર્ષક વિભાગમાં પૂર્ણ વિરામના ચિહ્ન પછી એક અક્ષરની જગ્યા છોડી વધુ એક વાક્ય ઉમેરવામાં આવે છે જેમાં V (કેપિટલ) લખી હજુ સુધી પ્રકાશિત ખંડોની સંખ્યા લખી ત્યારબાદ આડી લીટી(ડેશ) - લગાવી થોડી જગ્યા તમામ ખંડ પ્રકાશિત થાય ત્યારે છેલ્લા ખંડની સંખ્યા લખવા બાકી છોડી પૂર્ણ વિરામ મુકવામાં આવે છે.

દા.ત. LISTER (J J).

A Treatise on Chemistry. V1-2 -

અહીં ઉપરના ઉદાહરણમાં વર્તમાનમાં માત્ર કુલ 4 ખંડોમાંથી માત્ર બે જ ખંડ પ્રકાશિત થયેલ છે અને બધા ખંડો પ્રકાશિત થશે ત્યારે ખંડોની સંખ્યામાં ફેરફાર કરવાનો થશે એટલે તેને પેન્સિલથી લખવામાં આવે છે જેથી બધા ખંડ પ્રકાશિત થઇ જાય ત્યારે પેન્સિલથી લખેલ ખંડ સુધારી શકાય.અહીં ગ્રંથાંક માટે પણ આ જ પદ્ધતિને અનુસરવામાં આવે છે. જ્યારે સેટના ખંડો અલગ અલગ સમયે પ્રાપ્ત થયા હોય ત્યારે ખંડોના પરિગ્રહણ નંબર અલગ અલગ હોય છે ત્યારે તેને અલ્પવિરામથી જોડી લખવામાં આવે છે જેમકે - 3612, 3715. પરંતુ જો પરિગ્રહણ નંબર ક્રમશ : એટલે કે સળંગ હોય તો તેને 6570 - 6575 એમ લખવામાં આવે છે.

**અપૂર્ણ ઉપલબ્ધ સેટ (Incompleted Set) માટે -**

અહીં જો સૂચિકરણ કરવાનું છે તે ગ્રંથાલયમાં ઉપરોક્ત સેટમાંના ચાર ખંડોમાંથી કોઈ ખંડ ઉપલબ્ધ ના હોય તો સીસીસીના નિયમ NC132 મુજબ શીર્ષક વિભાગમાં આખ્યા કે શીર્ષક લખ્યા બાદએક અક્ષરની જગ્યા છોડીને કુલ ખંડોની સંખ્યા લખવામાં આવે છે ત્યારબાદ મોટા કૌંસમાં જે ખંડ ગ્રંથાલયમાં ઉપલબ્ધ નથી તેવા ખંડ દર્શાવી તેની સાથે not in library પદ લખવામાં આવે છે.

દા.ત. માની લો કે ઉપર દર્શાવેલ ચાર ખંડવાળા ગ્રંથના બીજો અને ચોથો ખંડ ગ્રંથાલયમાં ઉપલબ્ધ નથી તો તેને સંલેખમાં નીચે મુજબ દર્શાવવામાં આવશે-

LISTER (J J).

A Treatise on Chemistry. 4V [V2,4 not in library].

**2. જટિલ સંઘાત/ બહુખંડીય ગ્રંથો (Complex Multi-volume Books):**

કેટલાક સંઘાત ગ્રંથો એવા હોય છે કે જેના પ્રત્યેક ખંડની આખ્યા કે શીર્ષક અલગ અલગ હોય છે તેમજ પ્રત્યેક ખંડ અલગ અલગ લેખકો, સહકારકો, ગ્રંથમાળા વગેરે ધરાવતા હોય. આવા પ્રકારના ગ્રંથોને ડૉ. રંગનાથને 'દ્વિતીય શ્રેણીના સંઘાત/ બહુખંડીય ગ્રંથ' તરીકે ઓળખાવ્યા છે. આવા ગ્રંથોનું સૂચિકરણ સરળ સંઘાત ગ્રંથોના

પ્રમાણમાં વધુ જટિલ હોય છે તેથી તેને જટિલ સંઘાત ગ્રંથ કહેવામાં આવે છે.

જટિલ સંઘાત ગ્રંથોના મુખ્ય સંલેખના આખ્યા વિભાગમાં વધારાના ફકરાઓ લખવામાં આવે છે જે પ્રત્યેક ખંડની વધારાની વિશિષ્ટ માહિતી માટે અલગ અલગ લખવામાં આવે છે. પ્રત્યેક ફકરામાં નિયમ NC22 મુજબ નીચે પ્રમાણેની વિગતો લખવામાં આવે છે.

(1) પદ V
(2) ખંડની ક્રમ સંખ્યા
(3) પૂર્ણ વિરામ
(4) ખંડની વિશિષ્ટ આખ્યા કે શીર્ષક
(5) જે તે ખંડના અલગ કર્તા હોય તો પદ હ્વઅ લખી ખંડના કર્તાનું નામ
(6) પૂર્ણ વિરામ
(7) જો ખંડના કોઈ ગૌણ કે સહકારક/કો હોય તો આવા કર્તાઓ સંબંધિત પદ જેમકે- Ed., Tr. Ill. વગેરે લખ્યા બાદ સંબંધિત ગૌણ કર્તાનું નામ/નામો
(8) પૂર્ણ વિરામ
(9) તે ખંડ સંબંધિત કોઈ વિશિષ્ટ માહિતી હોય તો તેને નાના કૌંશમાં દર્શાવવી

મુખ્ય સંલેખ ઉપરાંત વધારાના ફકરામાં દર્શાવેલ વિવિધ ખંડોની વિશિષ્ટ આખ્યા/ શીર્ષક માટે સીસીસીના નિયમ NC23 અનુસાર ગ્રંથ નિર્દેશી સંલેખ તૈયાર કરવામાં આવે છે.

## 18.3 સંઘાત ગ્રંથોના ઉદાહરણો (Examples of Multi Voulms)

અમે સંઘાત ગ્રંથ પ્રકાશનોના પ્રકારો ધરાવતા બે ઉદાહરણો દર્શાવીશું. પ્રથમ ઉદાહરણમાં અલગ-અલગ ખંડોની આખ્યાઓ નથી. તેના ખંડોની સંખ્યા જ આપેલી છે. બીજા ઉદાહરણમાં સેટની સામાન્ય આખ્યાની સાથે સાથે દરેક ખંડને તેની પોતાની આખ્યા છે.

**ઉદાહરણ-1 :**

Man And Society
A Critical Examinatiuon of Some
Important Social and Policital Theories
from Machiaveli to Marx

Volume One
John Planmentz
Longman

**Other Information :**

| | | |
|---|---|---|
| Call No. | : | W:(R) K3.1 to K3.2 |
| Acc No. | : | 13563-13564 |
| Note | : | It is in two Columers. The title page of the second volume is identical except in place of volume one it is writen as volume two. |

**મુખ્ય સંલેખ**

W:(R) K3.1 to K3.2

PLANMENATZ (John.)

Man and Society : Acritical examination of some important social and policital theories from Machiavelli to Marx. 2V.

13563-13564

**શોધાતા અંકોડાઓ માટેની શૃંખલા નિર્દેશી :**

| | | |
|---|---|---|
| W | = | Political Science. |
| W:(R) | = | Political Science, Philosophy. |

**વર્ગ નિર્દેશી સંલેખ**

PHILOSOPHY, POLITICAL SCIENCE.

For documents in this Class and its Subdivisions, see the Classified part of the catalogue under the Class Number W:(R)

અન્ય વર્ગ નિર્દેશી સંલેખો છે :
POLITICAL SCIENCE

**કર્તા માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા કર્તા નિર્દેશી સંલેખ**

PLANMENATZ (John).
Man and Society. 2V.
W:(R) K3.1 to K3.2

**આલેખ**

Philosophy, Political science. Political science.

Planmenatz (John).

હકીક્તમાં આ એક સરળ ગ્રંથ છે. આ કિસ્સામાં નવા તત્ત્વો તરીકે ગ્રંથાંક અને આખ્યાની સાથે ખંડો સંબંધિત વિવરણ છે. ગ્રંથાંક (K3.1 to K3.2 નો અર્થ K3 = 1963 અને પૂર્ણ વિરામ બાદ 1 અને પૂર્ણ વિરામ બાદ 2. અંક ખંડ સંખ્યા દર્શાવે છે, આખ્યાની રજૂઆતમાં આખ્યા લખ્યા પછી ખંડ સંખ્યા દર્શાવવામાં આવી છે. જ્યારે ગ્રંથાંકના ક્રમાનુસાર જે ક્રમમાં હોય તે રીતે પરિગ્રહણાંક લખવા જોઈએ.

સેટમાંના કેટલાક ખંડો જે તે વર્ષમાં પ્રકાશિત થતા નથી. આ કિસ્સામાં, જે ખંડ પ્રથમ પ્રકાશિત થયો હોય તે અનુસાર ગ્રંથાકમાં સ્થાન આપવામાં આવે છે. કોઈ કિસ્સાઓમાં, કોઈ સેટમાંનો કોઈ ચોક્કસ ખંડ ગ્રંથાલયમાં પ્રાપ્ય હોતો નથી. આ પ્રકારની માહિતી ગુરુકસમાં મૂકવામાં આવે છે. અમે ઉપરોક્ત ચર્ચા કરેલ તત્ત્વો ધરાવતાં ઉદાહરણો દ્વારા તેની સ્પષ્ટતા કરીશું.

**ઉદાહરણ-2**

History of
The Freedom Movement
In India

By
Tarachand

Foreword By
Humayun Kabir

Publication Divison
Delhi

---

**Other Information :**

Call No. : V44:51 ‘N47 K1.1,K1.3

ACC No. : 13601-13602

Note : It is in three volumes and dates of publication of the volumes are V1.1961, V2.2967 and V3.1972. Volume two is not available in the library.

## મુખ્ય સંલેખ

V44:51'N47 K1.1,K1.3

TARACHAND.

History of the freedom movement in India 3V [V2 not in library]

13601-13602

**શોધતા અંકોડાઓ માટેની શૃંખલા નિર્દેશી :**

| | | |
|---|---|---|
| V | = | History |
| V44 | = | India, History |
| V44:5 | = | Relation of the state with citizen, India, History |
| V44:51 | = | Struggle for independence, India, History |

### વર્ગનિર્દેશી સંલેખ

STRUGGLE FOR INDEPENDENCE, INDIA,
HISTORY.

For documents in this class and its Subdivisions, see the Classified Part of the catalogue under the Class Number

V44:51

અન્ય વર્ગ નિર્દેશી સંલેખો છે :

| | |
|---|---|
| RELATION OF THE STATE WITH CITIZEN, INDIA, HISTORY | V44.5 |
| INDIA, HISTORY | V44 |
| HISTORY. | V |

### કર્તા માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા કર્તા નિર્દેશી સંલેખ

TARACHAND.

History of the freedom movement in Indla. 3V. [V2 not in library].

V44:51.'N47 K1.1,K1.3

**આલેખ**

| |
|---|
| Struggle for independence,<br>India, History<br>Relation of the state with<br>citizen, India, History.<br>India, History.<br>History.<br><br>Tarachand |

ગ્રંથાંકને ધ્યાનથી જુઓ. આ કિસ્સામાં ગ્રંથાંક તૈયાર કરવામાં પ્રથમ ખંડના પ્રકાશન વર્ષને ધ્યાનમાં લીધું છે. સાથે સાથે, સંબંખના આખ્યા વિવરણમાં ગ્રંથાલયમાં ખંડ-2 ઉપલબ્ધ નથી પણ તે દર્શાવ્યું છે. હવે અલગ અલગ આખ્યા ધરાવતા ખંડો સંબંધિત એક વધારે ઉદાહરણ જોઈએ.

**ઉદાહરણ-3**

| |
|---|
| The Works<br>And Correspondence of<br>David Richardo<br><br>Edited by<br>Piero Sraffa<br>with the Collaboration of<br>H.M.Dobb<br><br>Volume 1<br>Principles of Political Economy<br>and Taxation<br><br>Cambridge<br>At the University Press<br>For the Royal Economic Society<br>1973 |

**Other Information**

| | | | |
|---|---|---|---|
| Call No. | : | XxL72 L3.1 to L3.11 | |
| Acc No. | : | 8713-8723 | |
| Date of publication | : | 1973 | |
| Note | : | it is set of 11 volumes and each Volume has its own title. The title page of volume 1 has been shown above. In all the other volumes, the following information has been given : | |
| | V2 | Notes on Malthus | |
| | V3 | Pamphlets and Papers | 1809-1811 |
| | V4 | Pamphlets and papers | 1815-1823 |
| | V5 | Speeches and Evidence | |
| | V6 | Letters | 1816-1815 |
| | V7 | Letters | 1816-1818 |
| | V8 | Letters | 1819-June 1821 |
| | V9 | Letters July | 1821-1823 |
| | V10 | Biographical Miscellany | |
| | V11 | General Index | |

મુખ્ય સંલેખ

XxL72L3.1 to L3.11

RICHARDO (David)(1772).

Works and correspondence. Ed by Piero Sraffa and H M Dobb. 11v.

VI. Principles of political economy and taxation

V2. Notes on Malthus.

V3. Pamphlets and papers 1809-1811

V4. Pamphlets and papers 1815-1823.

V5. Speeches and evidence.

**continued in the next card.**

મુખ્ય સંલેખ (અનુસંધાન)

**Continued 1.**

XxL72 3.1 to L3.11

| | |
|---|---|
| V6 | Letters 1810-1815 |
| V7 | Letters 1815-1818 |
| V8. | Letters 1819-June 1821, |
| V9 | Letters July 1821-1823 |
| V10 | Biographical miscellany |
| V11. | General Index |

8713-8723

શોધાતા અંકોડાઓ માટેની શૃંખલા નિર્દેશી

| | | |
|---|---|---|
| X | = | Economics |
| XxL72 | = | Richardo (David), Works |

વર્ગ નિર્દેશી લેખ

RICHARDO (David) (1772), WORKS.

For documents in this class and its Subdivisions, see the Classified Part of the Catalouge under the Class Number

XxL72

અન્ય વર્ગ નિર્દેશી સંલેખ છે :

ECONOMICS. X

કર્તા માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા કર્તા નિર્દેશી સંલેખ

RICHRDO (David) (1772)

Works and correspondence.11V.

XxL72 L3.1 to L3.11

સહ ગૌણ કર્તાઓ માટેનો ગ્રંથનિર્દેશી સંલેખ અથવા સહસંપાદકો નિર્દેશી સંલેખ

SRAFFA (Piero) and DOBB (H M), Ed.

Richrdo : Works and correspondence.11V.

Xx72 L3.1 to L.3.11

સહ ગૌણકર્તાઓ માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા સહસંપાદકો નિર્દેશી સંલેખ

DOBB (H M) and SRAFFA (Piero), Ed.

Richardo: Works and correspondence. 11V.

XxL72 L3.1 to L3.11

આલેખ

Richardo (David) (1772),
Works.
Economics.

Richardo (David).
Sraffa (Piero) and Dobb (H M), Ed.
DObb (H M) and Sraffa (Piero), Ed.

ડેવિડ રિચાર્ડો એ વિખ્યાત બ્રિટીશ અર્થશાસ્ત્રી છે; જેમનો જન્મ વર્ષ 1972માં થયો હતો. વર્ગાંક તૈયાર કરવામાં તેમના જન્મ વર્ષને ધ્યાનમાં લીધું છે. ગ્રંથાકમાં અમે L3.1 to L3.11 દર્શાવ્યું છે. જેનો અર્થ છે વર્ષ 1973માં 11 ખંડો પ્રકાશિત થયેલા છે. નિયમાનુસાર મુખ્ય સંલેખમાં અલગ અલગ ખંડોની આખ્યાઓને દર્શાવવામાં આવી છે.

### તમારી પ્રગતિ ચકાસો

નીચેની આખ્યાનું સૂચિકરણ સીસીસી મુજબ કરો.

**નોંધઃ 1) તમારી પોતાની નોંધપોથીમાં ઉત્તરો દર્શાવો.**
**2) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તર સરખાવો.**

**1)**

A Twentieth Century Fund Study

Asian Drama
An Enquiry into the
Poverty of Nations

by

Gunnar Myrdal

Volume 1
Kalyani Publishers
New Delhi

**Other Information :**

Call No. : Y434 M2.1 to M2.3

Acc No. : 12411-12413

Note : The library set published in 1982. It is in three volumes. All the volumes are available in the library.

**2)**

Religious Trends
In English Poetry

By
Hoxie Neale Fairchild
Professor of English
Hunter college of the City of New York

volume 1:1700-1740
Protestantism and the
cult of Sentiment

New York : Morningside Heights
Columbia University Press

**other Information :**

Call No. : 0111,1:g (Q) G91toG92

Acc No. : 18370-18371

Date of Publication : 1939

Note : Vol 11 1740-1780

Religious Sentimentalism in the Age of Jonshon

Vol.III 1780-1830

Romantic Faith

It is three volume set, but volume three is not available in the library

## 18.4 સારાંશ (SUMMARY)

આ એકમ સંઘાત-ગ્રંથ પ્રકાશનો સંબંધિત છે. સંધાતા ગ્રંથો સામાન્ય પ્રકારના પ્રકાશનો છે. કારણ કે યોગ્ય કદના એક ખંડમાં વિષયવસ્તુનો સમાવેશ થઈ શકતો નથી, તેથી તેને જુદા જુદા સુવિધાયુક્ત ખંડોમાં વહેંચવામાં આવે છે. સામાન્યતઃ સંધાત-ગ્રંથો બે પ્રકારના હોય છે : (1) જેમાં બધા જ ખંડો એક સમાન આખ્યા ધરાવે છે, આ છતાં તે તમામ ખંડો દર્શાવેલ ક્રમાંકથી અલગ પડે છે, અને (2) એવાં પ્રકાશનો કે જેની આખ્યા સમાન હોય છે પરંતુ પ્રત્યેક ખંડને પણ પોતાની અલગ આખ્યા હોય છે. અમે આ બંને પ્રકારના ઉદાહરણો દર્શાવ્યા છે.

## 18.5 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (ANSWERS TO SELF CHECK EXERCISES)

(1) વિવિધ સંલેખો છે :

**મુખ્ય સંલેખ**

Y:434 M2.1 to M2.3

MYRDAL (Gunnar).

Asian drama : An enquiry into the poverty of nations. 3V.

12411-123413

શોધાતા અંકોડાઓ માટેની શૃંખલા નિર્દેશી :

| | | |
|---|---|---|
| Y | = | Sociology |
| Y:4 | = | Social Pathology, Sociology |
| Y:43 | = | Destitution, Social Pathology, Sociology |
| Y:434 | = | Poverty Sociology |

વર્ગ નિર્દેશી સંલેખ

POVERTY. SOCIOLOGY.

For documents in this class and its Subdivisions see the Classified Part of the catalogue under the Class Number Y:434

અન્ય વર્ગનિર્દેશી સંલેખો છે :

DESTTTUTION, SOCIAL PATHOLOGY, SOCIOLOGY. Y:43

SOCIAL PATFOLOGY, SOCIOLOGY. Y:4

SOCIOLOGY. Y

કર્તા માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા કર્યા નિર્દેશી સંલેખ

MYRDAL (Gunnar).

Asian drama. 3V.

Y:434 M2.1 to M2.3

**આખ્યા માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા આખ્યા નિર્દેશી સંલેખ**

Poverty, Sociology.
Destitution, Social
Pathology, Sociology.
Social Pathology,
Sociology.
Sociology.

Myrdal (Gunnar).
Asian drama.

2) વિવિધ સંલેખો છે :

**મુખ્ય સંલેખ**

0111,1:g (Q) G9.1 to G9.2-

FAIRCHILD (Hoxie Neale).

Religious trends in English poetry. 3V. [V3 not in library).

V1.1700-1740 : Protestantism and the cult of sentiment.

V2. 1740-1780: Religious sentimentalism in the age of Jonshon.

18370-18371

**શોધાતા અંકોડાઓ માટેની શૃંખલા નિર્દેશી :**

| | |
|---|---|
| 0 | = Literature |
| 0111 | = English literature |
| 0111,1 | = English poetry |
| 0111,1:g | = Crificism, English poetry |
| 0111,1:g(Q) | = Religion in English poetry |

વર્ગ નિર્દેશી સંલેખ

RELIGION, CRITICISM, POTERY, ENGLISH, LITERATURE.

For documents in this class and its Subdivisions, see the Classified Part of the catalogue under the Class Number

0111,1:g(Q)

**અન્ય વર્ગ નિર્દેશી સંલેખો છે :**

| | |
|---|---|
| CRITICISM, POETRY, ENGLISH, LITERATURE | 0111,1:g |
| POETRY, ENGLISH, LITERATURE | 0111,1 |
| ENGLISH; LITERATURE | 0111 |
| LITERATURE | 0 |

કર્તા માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા કર્તા નિર્દેશી સંલેખ

FAIRCHILD. (Hoxie Neale).

Religious trends in English poetry. 3V [V3 not in library]

0111,1:g(Q)G9.1toG9.2-

Religion, Criricism, Poetry,
English, Literature.
Criticism, Poetry, English,
Literature.
Poetry, English, Literature.
English, Literature.
Literature.

Fairchild (Hoxie Neale)

## 18.6. સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCE AND FURTHER READING)


* Krishan Kumar (1986). An Introduction Cataloguing Practice, 3rd rev. ed. New Delhi : Vikas Publishing House.
* Ranganathan, S.R. (1989). Cataloguging Practice. 2nd ed. reprint Bangalore: Sarada Ranganathan Endowment for Library Science.
* Ranganathan S.R. (1988). Classified Catalogue Code with Additional Rules for Dictionary Catalogue. 5th ed. reprint. Bangalore: Ranganathan Endowment for Library Science
* Ranganathan S.R. (1990). Colon classification. 6th ed. reprint. Bangalore : Sarada Ranganathan Endowment for Library Science.
* Sharma, C.D. and Dave, Meenaxi (1990), Classified catalouge Code in Theory and Practice. Jodhpur: Scientific Publications
* Verma, A.K. (1988). Classified Catalouge Code: Entries and Procedure. New Delhi: Criterion Publications.


• • •